ગાંધીનગર સમાચાર


## ભા.જ.પ.-કોંગ્રેસના કાર્યકરો ક્યાંક હાર્યા..ક્યાંક જીત્યા : મત ગણતરી સ્થળે પોલીસ દોડતી રહી



# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૪૫૬ ગ્રામ પંચાયતોનાં પરિણામ જાહેર

### માર્ગો ગુલાલથી રંગાયા, વિજેતા ઉમેદવારો અને ટેકેદારોના ભવ્ય સરઘસથી રાજકીય માહોલ ગરમાયો : રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી મત ગણતરી ચાલી, વારંવાર રી-કાઉન્ટીંગ મગાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૧૪ તાલુકાની ૪૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વિક્રમી મતદાન પછી મંગળવાર સવારે તાલુકા મથકે મત ગણતરી હાથ ધરાઈ હતી. સવારે ૧૧-૦૦ કલાક પછી પરિણામ આવવાની શરૂઆત થતાં મત ગણતરી સ્થળે વિજેતા ઉમેદવારો અને ટેકેદારોના ભવ્ય સરઘસથી રાજકીય માહોલ ગરમાયો હતો. વિજેતા ઉમેદવારોના ટેકેદારોએ ગુલાલ



અને ફટાકડાની આતશબાજીથી વિજયોત્સવને મનાવ્યા હતા.

ચૂંટણીમાં ભા.જ.પ.-કોંગ્રેસના અનેક કાર્યકરો ક્યાંક હાર્યા છે તો ક્યાંક જીત્યા છે. જિલ્લાના અનેક મત ગણતરી સ્થળે ભીડ ઉમટતાં







પોલીસ દિવસ દરમ્યાન દોડતી રહી. બેલેટ પેપરના કારણે કંટાળાજનક મત ગણતરી અને પાતળી સરસાઈમાં વારંવારના રી-કાઉન્ટીંગના કારણે અનેક ગ્રામ પંચાયતોને મત ગણતરી માટે આપેલા સમયમાં ૨ થી ૪ કલાકનો વિલંબ જોવા મળ્યો. રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી અનેક પંચાયતોની મત ગણતરી ચાલ્યાનું જાણવા મળ્યું છે. કેટલાક કિસ્સાઓમાં માત્ર ૨-૫ મતની નજીવી સરસાઈથી

ઉમેદવારો જીતતાં વારંવાર રીકાઉન્ટીંગના કારણે મત ગણતરી માથાના દુઃખાવા સમાન બનીને રહી ગઈ હતી. સાંજના ૪-૦૦

કલાક સુધીમાં ૫૦ ટકાથી પણ ઓછી ગ્રામ પંચાયતોનાં પરિણામ જાહેર થઈ શક્યા હતા.

વિધાનસભાની ચૂંટણી અગાઉ સેમીફાઈનલ બની રહેલી સાબરકાંઠા, અરવલ્લીની ૪૫૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે મંગળવારે મત ગણતરી યોજાતાં ૭૭ ટકા મતદારોએ મતદાન કરતાં અનેક ઉમેદવારો પોતાની જીત બાબતે સંદેહમાં આવી ગયા હતા. બાયડ, ધનસુરા,

માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ

ખાતે મત ગણતરી શરૂ થતાં મત ગણતરી સ્થળે હજારોની સંખ્યામાં ઉમેદવારોના ટેકેદારો ઉમટી પડતાં રાજકીય માહોલ ગરમાયો હતો. મત ગણતરી સ્થળે અનેક ઉમેદવારો અને તેના ટેકેદારો ઘૂરકીયાં કરતા જોવા મળ્યા. કેટલાક તાલુકા મથકોએ સરકારી બાબુઓએ પોતાની અણઆવડત પ્રદર્શિત કરી હોય તેમ મત ગણતરીનું કોઈ આયોજન ન હોવાથી મત ગણતરી શરૂ કરવામાં

વિલંબ થયાના અહેવાલ છે. બાયડ તાલુકાની વસાદરા ગ્રામ પંચાયતમાં જાણીતા એડવોકેટ અતુલભાઈ કે. પટેલ, બોરલ ગ્રામ પંચાયતમાં

રાજન જયદેવભાઈ બ્રહ્મભટ્ટનો વિજય થયો હતો. જ્યારે ઈડર તાલુકાની મોટાકોટડા પંચાયતમાં કોકીલાબેન જગુભાઈ પટેલ સરપંચ

પદે વિજયી થયા હતા. વડાલીના માલપુરમાં અરવિંદભાઈ માવજીભાઈ દેસાઈ, ઈડરના સમલાપુરમાં કોદરભાઈ ચેનવા

સરપંચ તરીકે ચૂંટાયા હતા. જ્યારે બાયડ તાલુકાના અમિયાપુરમાં અલ્પેશકુમાર શામળભાઈ પટેલ, મુનજીનામુવાડા દિપસિંહ

લલ્લુસિંહ સોલંકી, મેઘરજના બેલ્યોમાં શારદાબેન, વડથલીમાં રાગીણીબેન કટારા, પાણીબારમાં ચંદનબેન ફેરા, બાયડ તાલુકાના

હઠીપુરામાં કામીનીબેન કલ્પેશભાઈ પટેલ, ટોટુમાં વિધિબેન અતુલભાઈ ભરવાડ, લીંબમાં હીનાબેન મેહૂલકુમાર પંડ્યા, અલવામાં નિત્તલબેન સુધીરકુમાર ખાંટ સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા છે અનેક મત ગણતરી સ્થળે વારંવાર રી-કાઉન્ટીંગ અને ચૂંટણી અધિકારી દ્વારા તે સ્વીકારાતાં મત ગણતરી સ્થળે મૂકાયેલો સ્ટાફ પણ ત્રાસ્યો હોય તેવું જોવા મળ્યું હતું. જ્યારે સાંજના ૪-૦૦ સુધી ડેમાઈ, ગાબટ, રણેચી, રડોદરા સહિતની ગ્રામ પંચાયતોની મત ગણતરી શરુ થઈ શકી ન હતી.

### ભા.જ.પ. તરફી ઉમેદવારોનો વિજય : જિલ્લા સંગઠન પ્રમુખ

બાયડ : અરવલ્લી જિલ્લાની ૧૮૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાયા પછી સાંજ સુધીમાં ૧૧૦ થી વધુ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર થયાં છે. અરવલ્લી જિલ્લા ભા.જ.પ. સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે જાહેર થયેલાં પરિણામ ભાજપ તરફી હોવાનું અને મોટાભાગે ભાજપના ઉમેદવારો સરપંચ અને વોર્ડ ચૂંટણીમાં જીત્યાનો દાવો કર્યો છે.



# મહાભ્રષ્ટાચારીની જન્મકુંડળી એ.સી.બી.માં પહોંચી

### જિલ્લામાં ક્લાસ-૩ના અધિકારીએ લૂંટમાર ચલાવી : અનહદ ભ્રષ્ટાચારથી ઈતિહાસ રચ્યો

હિંમતનગર, તા. ૨૧ જિલ્લામાં ક્લાસ-૩ ના અધિકારીએ નવરચિત તાલુકામાં



રીતસરની લૂંટ ચલાવી અનહદ ભ્રષ્ટાચારનો ઈતિહાસ રચતાં તેના ભ્રષ્ટાચારથી વાઝ આવી ગયેલા કેટલાક અરજદારોએ અમદાવાદના ડફનાળા સ્થિત એ.સી.બી. કચેરીમાં રજૂઆત કર્યાની ગરમાગરમ લોકચર્ચા છે.

જિલ્લામાં કેડટલીક તાલુકાકક્ષાની કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારથી ભાજપા સરકારી છબી ખરડાઈ રહી છે. જ્યારે અનેક વખત ઉચ્ચ અધિકારીના ઠપકા તથા અન્ય ૩ તાલુકામાં ફરજ બજાવી ત્યાં તેની સામે કાર્યવાહીના કાગળ ઉભા થયા પછી નવરચિત તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી મલાઈદાર ટેબલ ઉપર ગોઠવાઈ જઈ શરાબ-સુંદરીનો શોખીન બની નાના કામમાં રૂ. ૫ હજારથી ૫૦ હજારની રકમ પડાવી રહ્યો છે. લોકચર્ચા તો એવી છે કે તેને સારોલી વિસ્તારની ફેક્ટરીમાં રૂ. ૬ કરોડનું અધધ રોકાણ કર્યુ છે. જ્યારે ગાંધીનગરના સરગાસણ, અમદાવાદના નવા નરોડામાં કરોડોની કિંમતના ફલેટ ખરીદી સોનાની લગડીઓ ખરીદી છે. સામાન્ય પગારમાં કરોડોની સંપત્તિ સ્વાભાવિક રીતે જ ઉડીને આંખે વળગે તેમ છે. એસીબીમાં તેના વિરૂદ્ધ ફરીયાદ પહોંચ્યાની ગરમાગરમ ચર્ચા વચ્ચે વિક્રમ વેતાળના દરબારમાં ભુવાનું શરણું લઈ ગત રવિવારે ૧૧ શ્રીફળ વધેરવા સાથે પોતાના દુશ્મનો શાંત થાય તેવી પ્રાર્થના કરી આવ્યાનું પણ સંભળાઈ રહ્યું છે. પરંતુ લાગે છે હવે વર્ગ-૩ના અધિકારીનો પાપનો ઘડો છલકાયો છે જેથી ગમે તે ઘડીએ તે સાણસામાં આવી શકે છે.

# પ્રજાને આજે ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળશે

### ઉત્તર ગુજરાતની પ્રજાએ મંગળવારે લાંબી રાત્રિનો અનુભવ કર્યો : મતગણતરીમાં વહેલુ અંધારૂ છવાયું !!

બાયડ, તા. ૨૧ તા. ૨૧ ડિસેમ્બર, મંગળવારે ઉત્તર ગુજરાતની પ્રજાએ સૌથી લાંબી રાત્રિનો અનુભવ કર્યો જ્યારે આજે બુધવારથી ૫ દિવસ સ્વચ્છ આકાશમાં ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળશે. જાણે પ્રજા કુદરતની દિવાળી જોવાનો અનુભવ કરે તે રીતે ઉલ્કાવર્ષા ખરતી જોવા મળશે.

જિલ્લાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતો માટે રવિવારે વિક્રમી મતદાન પછી મંગળવારે જિલ્લાના ૧૪ સ્થળે સઘન બંદોબસ્ત વચ્ચે મતગણતરી શરૂ થઈ. બેલેટ પેપરથી મતદાન તેમાંય સરપંચ-વોર્ડ ઉમેદવારોના બેલેટ અલગ તારવવાના હોવાથી કંટાળાજનક મતગણતરીથી બધા થાકીને લોથપોથ જોવા મળ્યા. આના કરતાં ઈ.વી.એમ. સારૂ..!! તેવું મોટાભાગના લોકો બોલતા સાંભળવા મળ્યા... જોગાનુ જોગ મંગળવારે લાંબી રાત્રી હોવાથી મતગણતરીમાં વહેલુ અંધારૂ આવતા અનેક ઉમેદવારોના જીત-પરાજય પછી પણ કિસ્મતનો દોષ દેતા જોવા મળ્યા. ખગોળીય અનોખી ઘટનાઓથી પ્રજાનો કુદરત ઉપરનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આજે બુધવારથી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળશે. આકાશ ૨ દિવસથી સ્વચ્છ રહેતુ હોવાથી ખગોળપ્રેમીઓ મલકાયા છે.

## સાબરકાંઠા-અરવલ્લીમાં ઓમિક્રોન કેસના આગમનની ગરમા ગરમ ચર્ચા

### આરોગ્યતંત્રએ નકાર્યુ..!! પરંતુ સાવધાની જરૂરી

ગુજરાતમાં ઓમિક્રોન કેસમાં ઉછાળો આવતા તમામ જિલ્લાના આરોગ્યતંત્રને એલર્ટ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાના નવા વેરીએન્ટ ઓમિક્રોન કેસના આગમનની ચર્ચાથી પ્રજામાં સંદેહના વધી છે. જોકે સાબરકાંઠા-અરવલ્લી આરોગ્યતંત્રએ તેને નકારી છે. પરંતુ પ્રજાએ અત્યંત સાવધ રહેવું પડશે તેમ જણાવ્યુ છે. કોરોના મૃત્યુ આંકમાં સુધારા પછી સરકારીતંત્ર અનેક બાબતો છુપાવતુ હોવાની છબી લોકોમાં ઉભી થઈ છે. પરંતુ હવે આવનારો સમય કદાચ વધુ વિકટ હોઈ શકે. જિલ્લામાં વિદેશથી આવેલા ૨૭૫ થી વધુ લોકો આરોગ્યતંત્રની નિગરાનીમાં રહ્યા પછી સબસલામતની સ્થિતિ છે. પરંતુ અમદાવાદ-સુરત રાજકોટમાં જે રીતે ઓમિક્રોનના કેસમાં ઉછાળો આવ્યો છે તેના કારણે ઉત્તર ગુજરાતમાં ચિંતા વધી છે. આમ તો ઉત્તર ગુજરાતમાં ઓમિક્રોનનો કેસ નોંધાયો છે. પરંતુ સાબરકાંઠા-અરવલ્લીમાં તકેદારીના કારણે કોઈ ભય હાવી થયો નથી પરંતુ જિલ્લામાં ઓમિક્રોનના શંકાસ્પદ કેસ હોવાની ચર્ચાથી અનેક પ્રજા ચિંતિત છે આરોગ્યતંત્રએ આવો કોઈ કેસ ન હોવાનું જણાવ્યુ છે.

## આકરૂન્દ ગામના ડંકા ગાજ્યા - એસ.એસ.ઈ. પરીક્ષામાં વિશ્વેશ પટેલ રાજ્યમાં પ્રથમ

બાયડ, તા. ૨૧ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ-ગાંધીનગર દ્વારા તાજેતરમાં યોજાયેલી એસ.એસ.ઈ.



પરીક્ષામાં ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામનો વિશ્વેશ ઘનશ્યામભાઈ નટવરભાઈ પટેલ સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને આવી અરવલ્લી જિલ્લો, આકરૂન્દ ગામ, આંજણા પાટીદાર સમાજ અને મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલને ગૌરવ અપાવ્યુ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આકરૂન્દ ગામના ઘનશ્યામભાઈ પટેલ (સી.આર.સી.-આકરૂન્દ) અને પારૂલબેન પટેલ (પ્રા. શિક્ષિકા)નો પુત્ર વિશ્વેશ પટેલ મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. તેને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણમાં પોતાની સર્વોપરીતા દેખાડી છે. તાજેતરમાં ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ.ઈ. પરીક્ષાનું પરિણામ જાહેર થતાં આકરૂન્દના છાત્રએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી ઈતિહાસ રચવાની સાથે અરવલ્લીને ગૌરવ અપાવતાં સર્વે કેળવણીકારો, આકરૂન્દ ગામના પ્રબુધ નાગરીકોએ અભિનંદન પાઠવી ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી છે.

## સદરપુર ગામે વિપ્ર પરિવાર ઉપર હુમલો

સદરપુર ગામે રહેતા દીનેશકુમાર મફતલાલ જોષી ગત તારીખ ૧૮/૧૨/૨૧ ના સાંજના સુમારે પોતાના ભાઈ સાથે ખેતરમાંથી બાઈક ઉપર ઘર તરફ આવી રહયા હતા. તે દરમિયાન ગામના જ દેવસિંગ વેલજી સોલંકીએ તેમનું બાઈક ઉભું રખાવી કહેવા લાગેલ કે 'આવતીકાલે ચૂંટણી છે સરખા રહેજો બ્રાહ્મણો તમે ફાટયા છો' ત્યારે દિનેશભાઈ 'ઉમરે તો સરખા જ છીએ તમે તમારું કામ કરો' તેમ કહીં ઘરે જતા રહેલા જોકે ત્યારબાદ દેવસિંગ અને તેમનો દીકરો કિરણસિંગ બન્ને જણા તેમની પાછળ તેમના ઘરે જઈ ગાળો બોલવા લાગેલ.તેથી દિનેશભાઈ અને તેમના પરિવારના લોકોએ ગાળો બોલવાની ના પાડતા બન્ને જણાએ પાસે રાખેલી છરી વડે દિનેશભાઈ અને તેમના ભાઈ ભાવેશભાઈને ઈજાઓ કરેલી.

## સાબરકાંઠા જિલ્લામાં ૨૨૮ પૈકી ૧૨૬ ગ્રામ પંચાયતોના સરપંચના પરીણામ જાહેર

### સાંજે પાંચ કલાક સુધીમાં વોર્ડના ૮૮૨ સભ્યો પૈકી ૪૪૯ સભ્યપદની મતગણતરી સપન્ન

બાયડ તા.૨૧ સાબરકાંઠા જિલ્લામાં ૨૨૮ ગ્રામ પંચાયતની હાથ ધરાયેલ મતગણતરીમાં સાંજે ૫ કલાક દરમિયાન જેમાં હિંમતનગરની ૬૦ માંથી ૩૨, ઈડરની ૫૬ માંથી ૩૨, વડાલીની ૨૩માંથી ૧૫, ખેડબ્રહ્માની ૧૪માંથી ૧૦ વિજયનગરની ૨૩માંથી ૬, પ્રાંતિજની ૨૪માંથી ૧૫, તલોદની ૨૦માંથી ૧૬ મળી કુલ ૧૨૬ ગ્રામ પંચાયતના સરપંચના પરીણામ જાહેર થયા હતા. જયારે બાકી રહેતી ૧૦૨ ગ્રામ પંચાયતની ગણતરી હાથ ધરવામાં આવી છે જેમાં પોશીનાની તમામ ૮ પંચાયતનો પણ સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ પંચાયતના વોર્ડના સભ્યની વાત કરીએ તો ચૂંટણી હેઠળના ૮૮૨ પંચાયતના વોર્ડની મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ૪૪૯ વોર્ડની મતગણતરી સાંજે પાંચ કલાક સુધી પૂર્ણ થઈ હતી. ઉલ્લેખનીય છેકે જિલ્લામાં કુલ ૨૩ ગ્રામ પંચાયત સમરસ બની હતી.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૨૫થી વધુ સરકારી કચેરીના ફોન બંધ

### કેટલાક ફોનમાં ઘંટડી રણકે પણ કોઈ ઉપાડવાની તસ્દી લેતું નથી

બાયડ, તા. ૨૧ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની વડામથક હિંમતનગર-મોડાસાની સરકારી બહુમાળી ભવન તથા જિલ્લા પંચાયતમાં આવેલ ૨૫ થી વધુ સરકારી કચેરીના ફોન છેલ્લા ૪ મહીનાથી બંધ જેવી હાલતમાં છે. કેટલીક કચેરીમાં ઘંટડી તો રણકે છે પણ કોઈ સરકારી બાબુ ફોન ઉપાડવાની તસ્દી લેતું નથી. લાગે છે સરકારી બાબુઓ હવે અરજદારોથી ગભરાઈ રહ્યા છે.

માનો કે ન માનો જિલ્લાની સરકારી કચેરીઓમાં સરકારી બાબુઓની અનિયમીતતાએ વહીવટીય કામોને અનેક અસર ઉભી કરી છે. કેટલીક કચેરીમાં સરકારી ટેલિફોન શોભાના ગાંઠીયારૂપ બન્યા છે. ફોન બંધ હોય અને માત્ર ટેલિફોન એક્ષચેન્જમાં ઘંટડી વાગવા જેવી સ્થિતિ છે. કેટલીક પંકાયેલી સરકારી કચેરીમાં તેમના સચિવ દ્વારા આદેશ કરાયા હોય તે રીતે ફોન ઉપાડવાની તસ્દી લેવાતી નથી. આવી કચેરીઓમાં પુરૂષ-મહીલા અધિકારી-કર્મચારીઓ વહીવટીય કામના બદલે માત્ર મોબાઈલ મચેડતા જોવા મળે છે. અનેક સરકારી કચેરીમાં સી.સી. ટી.વી. કેમેરા માત્ર શોભાના ગાંઠીયારૂપ બન્યા છે.



### બાયડની વલ્લભનગર પ્રા. શાળાના ભુલકાંઓને ૧૦૦ ગરમ ટોપીનું વિતરણ

વર્ષોથી વડોદરા સ્થાયી, બાયડના વતની સોમાભાઈ લાલાભાઈ પટેલ (સ્વ. એસ.એલ. પટેલ)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે બાયડની વલ્લભનગર સરકારી પ્રા. શાળામાં ધો. ૧ થી ૫ માં અભ્યાસ કરતા ૧૦૦ ભુલકાંઓને ગરમ ટોપી તથા બિસ્કીટનું તા. ૨૧ ડિસેમ્બરના રોજ વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર રહેતા તેમના દિકરી માયાબેન રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા પિતાની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે ગરીબ બાળકોને જરૂરીયાતની વસ્તુ આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શાળાના શિક્ષિકા રેખાબેન પટેલ દ્વારા બાળકોને ગરમ ટોપી, બિસ્કીટના વિતરણનું આયોજન કરાયુ હતુ. પટેલ પરિવારની ભાવનાને શાળાના આચાર્ય નિતાબેન ઉપાધ્યાય, રેખાબેન પટેલ, મનીષાબેન શાહ, દિનેશભાઈ પટેલ, રૂપલબેન પટેલ તથા એસ.એમ.સી. કમીટી સભ્યોએ બિરદાવી હતી.